# -: જાહેરનામુ :-

## ફોજદારી કાર્યરીત અધિનિયમ-૧૯૭૩ ની કલમ-૧૪૪ અન્વયે કાઢેલ હુકમ :-

**ક્રમાંક : એસ.બી./જાહેરનામું/૨૧/૨૦૧૬.**

સુરત શહેરમાં ભુતકાળમાં બનેલં પ્લેગૃપ, નર્સરી, શાળામાંથી બાળકોના અપહરણના બનાવોમાં એવુ જોવા મળે છે કે, આવા ગુનામાં વિવિધ કારણોસર જેવા કે, માતા-પિતા પાસેથી ખંડણી/ફીરોતીના રૂપિયા પડાવવાના, બાળક સાથે બદકામ કરવાના કે, બદલો લેવાના હેતુથી અથવા બીજા કોઈ કારણસર માતા-પિતાને દબાણ હેઠળ મુકવાના હેતુથી અપહરણ કરવામાં આવે છે. આવા ગુનામાં સંડોવાયેલ વ્યકિતઓ માતા-પિતા સાથે ધરોબો (સબંધ) કેળવી તેઓની દિનચર્યાની એકત્રિત કરી સંબંધિત બાળક સાથે પરિચય કેળવી ત્યારબાદ લલચાવી ફોસલાવી ભણવા અથવા તો રમવા માટે ગયેલ હોય ત્યારે તે સમયે પોતાની ઓળખાણ બાળકના સગા તરીકે આપી બાળકનું અપહરણ કરવાના ગંભીર ગુના આચરતા હોય છે. જેના લીધે જાહેર સલામતી અને શાંતી જોખમાય છે. જેથી કાયદો વ્યવસ્થા અને શાંતિ સલામતિ જળવાઇ રહે તે હેતુથી આવી ગુનાહિત પ્રવૃત્તિ અટકાવવા માટે નીચે જણાવ્યા મુજબની માહીતી પ્લેગૃપ/ નર્સરી/ શાળાના સંચાલકોઓએ રાખવાની રહેશે.

વાસ્તે હું રાકેશ અસ્થાના, (IPS) પોલીસ કમિશ્નર, સુરત શહેર ગુજરાત સરકારના ગૃહ વિભાગના તા.૦૮/૧૧/૮૨ના નોટીફીકેશન નંબર:જીજી/૪૨૨/સી.આર.સી./૧૦૮૨/૧૦૮૦/એમ તથા ગૃહ વિભાગના તા.૦૭/૦૧/ ૧૯૮૯થી બહાર પાડવામાં આવેલ સંકલીત જાહેરનામા નંબર :જીજી/ફકઅ/૧૦૮૮/૬૭૫૦/મ. અન્વયે જે ફોજદારી કાર્યરીતી અધિનિયમ-૧૯૭૩ ની કલમ-૧૪૪ અન્વયે મને મળેલ સત્તાની રૂએ આથી હુકમ કરૂ છું કે,

સુરત શહેરમાં આવેલ તમામ પ્લેગૃપ/ નર્સરી તથા શાળાઓ કે જેમાં બાળકો ભણવા માટે અથવા તો રમવા માટે જતાં હોય તેવી સંસ્થાઓએ નીચે જણાવેલ માહીતી એકત્ર કરવી.

(૧) તમામ પ્લેગૃપ, નર્સરી તથા શાળાઓમાં ૧૨ વર્ષ અને તેના થી ઓછી ઉંમરના બાળકો શાળાનો સમય પુરો થયા પછી કોની સાથે ઘરે પરત જશે તે અંગેનો રેકોર્ડ રાખવાનો રહેશે.

(૨) જેમાં બાળકો ભાડેના વાહનો જેવા કે, ઓટો રીક્ષા, મીનીબસ, મારૂતીવાન જેવા વાહનોમાં જાય તે વાહનનો રજીસ્ટ્રેશન નંબર, ડ્રાઈવરનું નામ, સરનામું, ટેલીફોન/મોબાઈલ નંબર, લાયસન્સ અને ફોટો તથા વાહન માલીકનું નામ, સરનામુ, ટેલીફોન/મોબાઈલ નંબર સબંધીત સંસ્થાએ રાખવાના રહેશે.

**આ માહીતી નીચે દર્શાવેલ કોલમ મુજબ રાખવાની રહેશે**

| અ.નં. | વિગત | |
|---|---|---|
| ૧ | વાહનમાલીકનું નામ સરનામુ/ટે.નં./મો.નં. | |
| ૨ | ડ્રાઈવરનું નામ સરનામું ટે.નં./મો.નં | |
| ૩ | વાહનનો પ્રકાર તથા રજીસ્ટ્રેશન નંબર | |
| ૪ | ડ્રાઈવરનો લાયસન્સનો નંબર તથા બેઝ નંબર | |
| ૫ | ડ્રાઈવર નો ફોટો | |
| ૬ | ડ્રાઈવર લઈ ને આવતાં તથા જતાં બાળકનું નામ તથા ધોરણ, અને ઉંમર ની વિગત | |

(૩) જે બાળકો ઉપર જણાવેલ વય મર્યાદા વાળા કોઈ નિયત પ્રાઈવેટ વાહન અથવા તો ખાનગી માણસ સાથે આવવા-જવાનો હોય ત્યારે તે કિસ્સામાં વાલિની સંમતિથી તે કોની સાથે ઘરે જઈ શકશે તે અંગે વાલિ પાસેથી તેના સગા-સંબંધીના પુરૂનામ,સરનામું,મોબાઈલ/ફોન નંબરની વિગતો સંસ્થાઓ તેમના રેકોર્ડ ઉપર રાખશે.

(૪) ઘણી ખરી પ્લેગૃપ/નર્સરી/શાળા વિગેરેમાં સ્કુલ તરફથી સ્કુલના વાહનો જેવા કે, બસ, મેટાડોર વિગેરે મારફતે બાળકોને તેમના ઘરથી શાળા સુધી અને શાળાથી ઘર સુધી લાવવા લઈ જવાની પધ્ધતી હોય છે. આવા કિસ્સાઓમાં પણ સ્કુલના શિક્ષક અથવા તો જવાબદાર વ્યકિત વિગેરેએ બાળકના માતા-પિતા અથવા તો અધિકૃત માણસને બાળક સોંપવાના રહેશે.

**ઉપરના મુદ્દા નંબર-(૩) અને (૪) ના અંગેની માહીતી નીચે  દર્શાવેલ કોલમ મુજબ રાખવાની રહેશે.**

| અ.નં | વિગત | |
|---|---|---|
| ૧ | વિદ્યાર્થીનું નામ તથા ધોરણ અને ઉંમર | |
| ૨ | વાલિએ તેમના બે સગા-સંબંધી જે તેડવા માટે આવશે તેઓ ના નામ સરનામા અને ટે.નં/મો.નં. | |
| ૩ | પ્રાઈવેટ વાહનનો નંબર | |
| ૪ | ડ્રાઈવરનું નામ સરનામું ટે.નં. મો.નં. | |
| ૫ | ફોટો | |

ઉપરોકત રેકર્ડ ગમે ત્યારે લાગતા પોલીસ સ્ટેશનના જવાબદાર અધિકારીઓ તેમજ તેનાથી ઉપરના પોલીસ અધિકારીઓ ચકાસી શકશે અને પોલીસ અધિકારી તરફથી માંગણી થયેથી સ્કુલ સત્તાવાળાઓ તે રજુ કરવાના રહેશે.

(૫) શાળાનો સમયે પુરો થાય અને બાળકો શાળાએ થી છુટે ત્યારે શાળા એ નિયત શિક્ષકની સીધી દેખરેખ હેઠળ ૧૨ વર્ષ થી ઓછી ઉંમરના બાળકોને રવાના કરવાના રહેશે અને રવાના કરે ત્યારે તે બાળકને ઉપર મુજબ અધિકૃત કરેલ માણસને સોપવામાં આવેલ છે તેની ખાત્રી કરશે. બાળકોના વાલિ આવી શકે તેમ ન હોય તેવા કિસ્સામાં ખાનગી માણસને બાળક સોપવામાં આવે ત્યારે તે અધિકૃત માણસને બાળકની સોપણી કરશે. કોઈ ખાસ કિસ્સામાં અધિકૃત કરેલ માણસ બાળકને તેડવા ન આવી શકે તેના બદલે બીજી કોઈ વ્યકિત બાળકને શાળાએ તેડવા માટે આવી હોય તેવા કિસ્સામાં  શિક્ષકે જરૂરી ખાત્રી કર્યા બાદ જ બાળકનો કબજો સોપશે. અને આ રીતે સોંપેલ બાળકની વિગત નીચે પ્રમાણે શાળામાં રાખવાની રહેશે. અને પોલીસ તરફથી માંગેથી રજુ કરવાની રહેશે.

**આ માહીતી નીચે દર્શાવેલ કોલમ મુજબ રાખવાની રહેશે.**

| અ.નં | વિગત | |
|---|---|---|
| ૧ | વિદ્યાર્થીનું નામ તથા ધોરણ  અને ઉંમર | |
| ૨ | વાલિ/અધિકૃત વ્યકિત સિવાય અન્યને બાળક નો કબજો શાળામાંથી સોંપવામાં તે વ્યકિતના નામ સરનામા અને ટે.નં/મો.નં.ની વિગત | |
| ૩ | બાળકની સોપણી કરતાં પહેલાં ખાત્રી કરેલતેની ચોકકસ વિગત | |
| ૪ | બાળકનો કબજો જેને સોપેલ તેના વાહનનો પ્રકાર અને નંબર | |

ઉપરોકત વ્યવસ્થાનો અમલ કરવા માટે અમુક શાળાઓમાં બાળકોને બે ઓળખકાર્ડ ફોટા સાથે આપવાની પધ્ધતિ છે તે પૈકી એક બાળક પાસે અને બીજો કાર્ડ બાળકને લેવા માટે આવનાર માણસ/વાહનના ડ્રાયવર વિગેરે પાસે રાખવાનો હોય છે. અથવા અધિકૃત શિક્ષક અથવા સ્કુલના કર્મચારીએ જે તે ઓળખકાર્ડ ધરાવનાર વ્યકિતને જ બાળક સોંપવામાં આવે તે રીતેની યોગ્ય પ્રથા તમામ શાળાઓમાં અમલમાં મુકી આ સુચનાનો અમલ કરવાનો રહેશે.

**નોધ** :-

જે માહીતી ૧૨ વર્ષ અને તેનાથી ઓછી ઉમંરના બાળકો માટે આપવાની સુચવેલી તેમાં જણાવવાનું આવે છે કે, જે કિસ્સામાં બાળકના વાલિ ઓ/ગાર્ડીયન એવું ઈચ્છતા હોય કે, પોતાનું સંતાન ૮ વર્ષથી વધુ અને ૧૨ વર્ષથી ઓછી ઉમરનું છે તે બાળક પોતે-પોતાની રીતે સંસ્થામાં આવવાનાં સમયે જાતે એકલા આવશે અને સમય પુરો થયે બાળક પોતાની રીતે પરત જશે ત્યારે તેવા કિસ્સામાં કોઈ અજુગતો બનાવ બને તો તેની સંપુર્ણ જવાબદારી સંબંધિત વાલિ/ગાર્ડીયનની રહેશે. તે માટે આ અંગેનું બાંયધરી ખતવાલિ/ગાર્ડીયન ને સંસ્થાને આપવાનું રહેશે. શૈક્ષણિક સંસ્થાઓએ વાલિનું આવું બાંહેધરી ખત સ્વીકારી તેને રેકર્ડ ઉપર રાખવાનું રહેશે. આ પ્રમાણેની કાર્યવાહી વાલિ સ્વતંત્ર રીતે કરવા માંગતાં હોય તો તેને આ જાહેરનામાનો  બાધ નડશે નહી.

**અમલવારીનો સમય**

આ હુકમ તારીખઃ૧૪/૦૨/૨૦૧૬ કલાકઃ૦૦-૦૦ થી તારીખઃ૧૩/૦૪/૨૦૧૬ કલાકઃ૨૪-૦૦ સુધી અમલમાં રહેશે.

**:: હદ વિસ્તાર ::**

સુરત શહેર પોલીસ કમિશ્નર હકુમત હેઠળનો સમગ્ર વિસ્તાર

**શિક્ષા**

આ હુકમનો ભંગ કરનાર વ્યકિત ભારતીય દંડ સહીતાની કલમ-૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે.

તમામને વ્યકિતગત રીતે નોટીસની બજવણી કરવી શકય ન હોય આથી એક તરફી હુકમ કરૂ છું.કે, જાહેર જનતાની જાણ સારૂ સ્થાનીક વર્તમાનપત્ર, આકાશવાણી અને દુરદર્શન કેન્દ્ર મારફતે પ્રસિધ્ધી ધ્વારા તથા પોલીસ સ્ટેશનના પોલીસ ઈન્સ્પેકટર, મદદનીશ પોલીસ કમિશ્નર, નાયબ પોલીસ કમિશ્નર તથા પોલીસ કમિશ્નર કચેરીના નોટીશ બોર્ડ ઉપર હુકમની નકલ ચોંટાડી પ્રસિધ્ધી કરવામાં આવશે તેમજ સહેલાઈથી જોઈ શકાય તેવી જાહેર જગ્યાઓ ઉપર હુકમની નકલ ચોંટાડી પ્રસિધ્ધી કરવામાં આવશે. બોમ્બે પોલીસ એકટ કલમ-૧૬૩ મુજબ પોલીસ અધિકારીઓ પણ આ હુકમની જાહેરાત કરવા અધિકૃત ગણાશે.

આજ તારીખ : ૬/૦૨/૨૦૧૬ નાં રોજ મારી સહી અને સિકકો કરી આપેલ છે.

**(રાકેશ અસ્થાના)**
**પોલીસ કમિશ્નર,**
**સુરત શહેર.**

**પ્રતિ,**

(૧) ખાસ પોલીસ કમિશ્નરશ્રી, રેન્જ-૧ તથા ટ્રાફીક અને ક્રાઇમ, સુરત શહેર.
(૨) અધિક પોલીસ કમિશ્નરશ્રી, રેન્જ-૨, સુરત શહેર
(૩) નાયબ પોલીસ કમિશ્નરશ્રી, તમામ સુરત શહેર.
(૪) મદદનીશ પોલીસ કમિશ્નરશ્રી એ,બી,સી,ડી.ઈ,એફ,જી, લો એન્ડ ઓર્ડર-૧/૨, ટ્રાફિક સુરત શહેર.
(૫) તમામ પો.સ્ટે.ઈન્ચાર્જશ્રીઓ, સુરત શહેર. (નકલો ચોંટાડી લાઉડ સ્પીકર, વાહન દ્વારા જાહેરાત કરાવવા સારૂ)
(૬) તમામ શાખા ઈન્ચાર્જશ્રીઓ, સુરત શહેર.
(૭) કંટ્રોલ ઈન્ચાર્જશ્રી, સુરત શહેર. ( તમામ વર્તમાનપત્રો તથા ન્યુઝ ચેનલોને એક-એક નકલ આપવી.)

**સવિનય નકલ રવાના** :-

(૧) અધિક મુખ્ય સચિવશ્રી, ગૃહ વિભાગ, ગાંધીનગર.
(૨) પોલીસ મહાનિદેશકશ્રી અને પોલીસ મહાનિરીક્ષકશ્રી, ગુ.રા., ગાંધીનગર.
(૩) અધિક પોલીસ મહાનિદેશકશ્રી (ઈન્ટે.), ગુ.રા., ગાંધીનગર.
(૪) પોલીસ કમિશ્નરશ્રી અમદાવાદ શહેર, રાજકોટ શહેર/વડોદરા શહેર.
(૫) પોલીસ મહાનિરીક્ષકશ્રી સુરત રેન્જ, સુરત.
(૬) કલેકટરશ્રી, સુરત શહેર.
(૭) મ્યુનિસિપલ કમિશ્નરશ્રી, સુરત શહેર
(૮) નાયબ પોલીસ મહાનિરીક્ષકશ્રી, (ઈન્ટેં.) સુરત રીજીયન, સુરત
(૯) પોલીસ અધિક્ષકશ્રી, સુરત રૂરલ.
(૧૦) નિયામકશ્રી, માહિતી ખાતુ, ગુ.રા., ગાંધીનગર.
(૧૧) જીલ્લા સરકારી વકીલશ્રી, સેસન્સ કોર્ટ, સુરત.
(૧૨) મેનેજરશ્રી, ગર્વનમેન્ટ પ્રેસ વડોદરા, (ગેઝેટ ભાગ-૧ માં પ્રસિધ્ધ કરવા સારૂ).
(૧૩) પો.ઈન્સ.શ્રી, સુરત રેલ્વે પો.સ્ટે.
(૧૪) રજીસ્ટ્રારશ્રી, હાઈકોર્ટ, ગુ.રા., સોલા રોડ, અમદાવાદ.
(૧૫) રજીસ્ટ્રારશ્રી, ડીસ્ટ્રીકટ એન્ડ સેશન્સ કોર્ટ, સુરત .
(૧૬) રજીસ્ટ્રારશ્રી, ચીફ જયુડીશ્યલ મેજી.શ્રી કોર્ટ, સુરત.
(૧૭) રજીસ્ટ્રારશ્રી, એડીશનલ સેશન્સ જજ કોર્ટ, સુરત.
(૧૮) વધારાના એકઝીકયુટીવ મેજી.શ્રી, સુરત શહેર.( નાનપુરા બહુમાળી સુરત )
(૧૯) સબ ડીવીઝનલ મેજી.શ્રી, સીટી પ્રાંત. ( જીલ્લા સેવા સદન અઠવાલાઇન્સ સુરત )
(૨૦) સંયુકત માહીતી નિયામકશ્રી, સુરત

( સ્થાનિક વર્તમાનપત્રો, આકાશવાણી તથા દુરદર્શન કેન્દ્રમાં પ્રસિધ્ધ કરવા સારૂ.)